# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ સરકારી વિભાગોમાં નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું વિકસિત ભારતનું ધ્યેય દક્ષિણ રાજ્યોના વિકાસ દ્વારા જ સાકાર થશે
3) છત્તીસગઢમાં, 9 મહિલાઓ સહિત 23 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું
4) 600 ડ્રોન અને 26 મિસાઇલ દ્વારા રશિયાનો યુક્રેન પર હવાઈ હુમલો
5) એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટમાં ભારત ઇંગ્લેન્ડથી હજુ 88 રન પાછળ

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવા અને વિકસિત ભારતના નિર્માણમાં તેમને ઉત્પ્રેરક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. તેમણે કહ્યું કે આજે વિશ્વ સ્વીકારે છે કે ભારત પાસે બે અમર્યાદિત શક્તિઓ છે, એક વસ્તી વિષયક અને બીજી લોકશાહી. પ્રધાનમંત્રી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા પછી 16મા રોજગાર મેળામાં બોલી રહ્યા હતા.

(બાઇટ: PM-MODI-YOUTH-FINAL)

નવ નિયુક્ત યુવાનોને અભિનંદન આપતા શ્રી મોદીએ કહ્યું કે સરકારની રોજગાર મેળાની પહેલથી લાખો યુવાનોએ કેન્દ્ર સરકારમાં કાયમી નોકરીઓ મેળવી લીધી છે.

. . . . . . . . . .

# REV DAY AMIT SHAH-KERALA VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિકસિત ભારત વિઝન દક્ષિણ રાજ્યોના વિકાસ દ્વારા જ વાસ્તવિકતા બનશે. વિકસિત કેરળમ એ વિકસિત ભારતનો અભિન્ન ભાગ છે, એમ શ્રી શાહે આજે તિરુવનંતપુરમના પુથારીકંડમ મેદાન ખાતે ભાજપની વોર્ડ-સ્તરીય નેતૃત્વ બેઠકને સંબોધતા જણાવ્યું હતું. તેમણે ભાર મૂક્યો હતો કે ભ્રષ્ટાચાર વિના શાસન, સરકારી યોજનાઓમાં સમાન પ્રવેશ

અને રાજકીય હિતોથી આગળ વધેલો વિકાસ એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રણ મુખ્ય વિઝન છે જે કેરળના વિકાસ માટે મૂળભૂત છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો, ઓપરેશન સિંદૂર અને સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા આતંકવાદ સામે મજબૂત પ્રતિભાવ પર પ્રકાશ પાડ્યો.

(BYTE- AMIT SHAH)

ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખર, ભાજપના કેરળ પ્રભારી પ્રકાશ જાવડેકર, કેન્દ્રીય રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયન અને અન્ય અગ્રણી નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ વર્ષના અંતમાં રાજ્યમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા આયોજિત આ કાર્યક્રમમાં કેરળના દક્ષિણ જિલ્લાઓમાંથી લગભગ 36 હજાર નેતાઓએ પણ ભાગ લીધો હતો. આજે વહેલી સવારે, શ્રી શાહે તિરુવનંતપુરમમાં ભાજપના નવા રાજ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું.

.........

# CHHATTISGARH-MAOISTS SURRENDER

છત્તીસગઢમાં, આજે સુકમા જિલ્લામાં 9 મહિલાઓ સહિત 23 માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. જિલ્લા પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે આ માઓવાદીઓ પર કુલ 1 કરોડ 18 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. આ માઓવાદીઓને રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ પ્રોત્સાહન રકમ તરીકે પચાસ-પચાસ હજાર રૂપિયાનો ચેક અને અન્ય તમામ સુવિધાઓ આપવામાં આવશે.

. . . . . . . . .

## PRATAPRAO-JAMNAGAR

કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું, આયુર્વેદને આજેસમગ્ર વિશ્વ અપનાવી રહ્યું છે. જામનગરમાં આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થા-ITRAના પ્રથમ પદવીદાન સમારોહમાં શ્રી જાધવે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે સમગ્ર વિશ્વમાં આપણી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિના પ્રચાર પ્રસારમાં ઇટ્રાનું મહત્વનું યોગદાન છે.

(બાઇટ: પ્રતાપરાવ જાધવ, કેન્દ્રીયઆયુષ મંત્રી)

આ સમારોહમાં એમ.ડી./એમ.એસ.ના 143 તબીબી વિદ્યાર્થીઓ, એમ.ફાર્મ આયુર્વેદના 35, ડિપ્લોમાઆયુર્વેદ ફાર્મસીના 33, ડિપ્લોમા નેચરોપેથીના 18 સહિત કુલ 234 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. શ્રી જાધવે આઇ.ટી.આર.એ.ની મુલાકાત દરમિયાન વિવિધ વિભાગો અને હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . .

## AIIA-SEMINAR

નવી દિલ્હી સ્થિત ઓલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA) દ્વારા સુશ્રુત જયંતિની ઉજવણીમાં આવતીકાલથી શરૂ થનારા ત્રણ દિવસીય રાષ્ટ્રીય સેમિનાર, શાલ્યાકોન 2025નું આયોજન કરવામાં આવી

રહ્યું છે. દર વર્ષે 15 જુલાઈના રોજ સુપ્રસિદ્ધ આચાર્ય સુશ્રુતની યાદમાં તે આયોજિત કરવામાં આવે છે. આ સેમિનારમાં જનરલ સર્જરી, એનોરેક્ટલ સર્જરી અને યુરોસર્જિકલ કેસ સહિત લાઇવ સર્જિકલ પ્રદર્શનો રજૂ કરવામાં આવશે. પ્રથમ દિવસે, દસ જનરલ એન્ડોસ્કોપિક લેપ્રોસ્કોપિક સર્જરી કરવામાં આવશે.

બીજા દિવસે સોળ એનોરેક્ટલ સર્જરી અને અંતિમ દિવસે 200 થી વધુ મૌખિક અને પોસ્ટર પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. શાલ્યાકોન 2025 પરંપરા અને ટેકનોલોજીનો ગતિશીલ સંગમ બનવા માટે તૈયાર છે. તેમાં ભારત અને વિદેશના 500 થી વધુ પ્રખ્યાત વિદ્વાનો, સર્જનો, સંશોધકો અને શિક્ષણવિદો ભાગ લેશે તેવી અપેક્ષા છે.

આયુષ રાજ્યમંત્રી, પ્રતાપરાવ ગણપતરાવ જાધવ, 14 જુલાઈના રોજ યોજાનાર ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

. . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## WEST BENGAL-ROAD ACCIDENT

પશ્ચિમ બંગાળમાં, પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના રાણીસરાય ખાતે આજે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૬ પર થયેલા માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. કારના ડ્રાઇવરે કાબુ ગુમાવતા કાર ટ્રક સાથે અથડાઈ હતી. કાર ખડગપુરથી ઓડિશા જઈ રહી હતી. જેમાં ડ્રાઇવર સહિત તમામ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસે ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી લીધી છે.

.........

## DELHI- BUILDING COLLAPSE

આજે સવારે ઉત્તરપૂર્વ દિલ્હીના સીલમપુરની જનતા કોલોનીમાં ચાર માળની ઇમારત ધરાશાયી થવાથી બે લોકોના મોત થયા છે. જોકે ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, અને શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. પત્રકારો સાથે વાત કરતા, ઉત્તર-પૂર્વ જિલ્લાના એડિશનલ ડીસીપી સંદીપ લાંબાએ જણાવ્યું હતું કે પોલીસ, એનડીઆરએફ, નાગરિક સંરક્ષણ કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓ ઘટનાસ્થળે કામ કરી રહ્યા છે.

.........

# RUSSIA- UKRAINE ATTACK

રશિયાએ આજે યુક્રેન પર ભારે હવાઈ હુમલો કર્યો, આ મહિનામાં તેના ચોથા મોટા હુમલામાં લગભગ 600 ડ્રોન અને 26 મિસાઇલોનો ઉપયોગ કર્યો. દેશના વિવિધ શહેરોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા, જેમાં લ્વિવ, લુત્સ્ક અને ચેર્નિવત્સી સહિતના પશ્ચિમી પ્રદેશો ગંભીર રીતે પ્રભાવિત થયા. રોમાનિયન સરહદ નજીક ચેર્નિવત્સીમાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા અને 20 ઘાયલ થયા.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલાની નિંદા કરી, નાગરિક માળખાને વ્યાપક નુકસાનની નોંધ લીધી હતી. યુક્રેનની વાયુસેનાએ 25 મિસાઇલો અને 319 ડ્રોનને તોડી પાડ્યા હોવાનો અહેવાલ આપ્યો છે, જ્યારે 258થી વધુને ઇલેક્ટ્રોનિક યુદ્ધ દ્વારા જામ કર્યા છે.

દરમિયાન, રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈકાલે 155 યુક્રેનિયન ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં 11 મોસ્કો તરફ જઈ રહ્યા હતા.

. . . . . . . . .

# FUR. ADD DAY AIR INDIA CRASH- PRELIMINARY REPORT

ગયા મહિને થયેલા એર ઇન્ડિયા ક્રેશ અંગે AAIBના અહેવાલ પર પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે તે પ્રારંભિક તારણો પર આધારિત છે અને અંતિમ અહેવાલ

પ્રકાશિત થાય ત્યાં સુધી કોઈપણ નિષ્કર્ષ પર ન પહોંચવા લોકોને વિનંતી કરી હતી.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે આજે જણાવ્યું હતું કે આ અંતિમ અહેવાલ નથી, પરંતુ તપાસના 15 પાનાના પ્રારંભિક અહેવાલના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય રહેશે નહીં.

. . . . . . . . .

## HYDERABAD-SC CJI

ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ જણાવ્યું હતુંકે ભારતીય કાયદા વ્યવસ્થા અનોખા પડકારોનો સામનો કરી રહી છે અને તેને સુધારવાની ખૂબજ જરૂર છે.

આજે હૈદરાબાદમાં NALSAR યુનિવર્સિટી ઓફ લોના 22માવાર્ષિક દીક્ષાંત સમારોહમાં પોતાના સંબોધનમાં, મુખ્ય ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે ભલે આપણી કાનૂની વ્યવસ્થાને સુધારવાની ખૂબ જ જરૂર છે, તેઓ આશાવાદી છે કે તેમના સાથી નાગરિકો પડકારોનો સામનો કરશે. તેમણે કહ્યું કે દેશ અને તેની કાનૂની વ્યવસ્થા અજમાયશમાં વિલંબ જેવા અનન્ય પડકારોનો સામનો કરી રહી છે જે ક્યારેક દાયકાઓ  સુધી ચાલી શકે છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે કેટલાક કિસ્સાઓમાં કોઈને વર્ષો સુધી જેલમાં રહ્યા પછી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. તેમણે પાસ આઉટ થયેલા સ્નાતકોને તેમની શક્તિ માટે નહીં, પરંતુ પ્રામાણિકતા માટે માર્ગદર્શક શોધવાની સલાહ આપી. મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડી અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પી.એસ. નરસિંહાએ પણ દીક્ષાંત સમારોહમાં

ભાગ લીધો હતો. દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા  તેલંગાણા હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ, સુજોય પોલ દ્વારાકરવામાં આવી હતી.

. . . . . . . . .

## CRICKET-IND vs ENG

ક્રિકેટમાં એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે છેલ્લા અહેવાલ પ્રમાણે 5 વિકેટે 306 રન બનાવ્યા છે. ભારત ઈંગ્લેંડથી હજુ 81 રન પાછળ છે. ભારતે આજે પોતાનો પહેલો દાવ 3 વિકેટે 145 રનના સ્કોરથી ફરી શરૂ કર્યો. અગાઉ, ઇંગ્લેન્ડ પ્રથમ દાવમાં 387 રનમાં ઓલઆઉટ થયું હતું. પાંચ મેચની ટેસ્ટ શ્રેણી હાલમાં 1-1 થી સરભર છે.

. . . . . . . . .

## DOMINICAN DEATHS

ડોમિનિકન રિપબ્લિકમાં, કેરેબિયન સમુદ્રમાં દરિયાકાંઠે તેમની બોટ પલટી જતાં ચાર લોકોના મોત થયા છે અને લગભગ 20 લોકો ગુમ થયા છે. ડોમિનિકન સિવિલ ડિફેન્સ ઓથોરિટીએ જણાવ્યું હતું કે બોટમાંથી 17 અન્ય લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જેમાં લગભગ 40 લોકો હતા અને તે પ્યુઅર્ટો રિકો જઈ રહી હતી.

ડોમિનિકન રિપબ્લિકની નૌકાદળે જણાવ્યું હતું કે તેણે 10 ડોમિનિકન અને સાત હૈતીયનોને બચાવ્યા છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે

કે છેલ્લા દાયકામાં ડોમિનિકન રિપબ્લિકથી પ્યુઅર્ટો રિકો તરફ ગેરકાયદેસર સ્થળાંતર એક વધતી જતી ઘટના બની છે.

..........